# ચિલોડાથી નરોડા સુધીનો હાઈવે ફોરલેન કરવાની માંગણી : રસ્તા રોકો આંદોલન

**આ રોડ પરના ૧૨ ગામોના ગ્રામજનો આંદોલનમાં ઉમટી પડ્યા : ગ્રામજનોનો મિજાજ જોઈ પોલીસ પણ ઠંડી પડી : ૧૯મી જાન્યુઆરી સુધીમાં યોગ્ય ઉકેલની તંત્રની ખાત્રીથી આંદોલન સમેટાયુ : બે કલાક સુધી વાહનોની લાંબી કતારો લાગી : નિયત સમય મર્યાદામાં ઉકેલ નહી આવે તો વધુ જલદ આંદોલનની ચિમકી**


(તસવીર : નટુભાઈ પટેલ)

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર તાલુકાના મોટા ચિલોડાથી નરોડા સુધીનો નેશનલ હાઈવે નં. ૮ ને ફોરલેન કરવાની માંગણી સાથે આજે આ રોડ પરના ૧૨ ગામોના ગ્રામજનોએ લવારપુર પાસે રસ્તા રોકો આંદોલન કરી ચક્કાજાન કરી દીધો હતો. અચાનક ઉભરી આવેલા આ જન આંદોલનને પોલીસે શરૂઆતમાં આક્રમકતાથી દબાવવા આંદોલનકારીઓની અટકાયત કરવાનું ચાલુ કર્યુ હતુ પરંતુ ગ્રામવાસીઓના વધતા ઉગ્ર વલણ સામે નમતુ જોખી તંત્રએ સમજાવટથી કામ લેવાનું મુનાસિબ માન્યુ હતુ. ચક્કાજામના કારણે આ હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી જવા પામી હતી અને આખરે તંત્ર દ્વારા ગ્રામજનો સાથે બેઠક યોજી તા. ૧૯મી જાન્યુઆરી સુધીમાં યોગ્ય ઉકેલ લાવવાની ખાત્રી આપતા લોકોએ આંદોલનને સમેટી લીધુ હતુ. આ આંદોલનના પગલે પોલીસે ચિલોડાથી વાહનોને ડાયવર્ઝન આપવાની ફરજ પડી હતી.



છેલ્લા એક જ માસમાં આ ૧૨ કિમીના પટ્ટામાં થયેલા અકસ્માતોમાં ૮ થી વધુ વ્યક્તિઓએ પોતાના જીવ ખોયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. દિવસોને દિવસે ભયજનક બનતા જતા આ દ્વિમાર્ગીય રોડને ફોરલેન બનાવવાની વર્ષો સુધી માંગણીને સરકાર દ્વારા યેનકેન પ્રકારે ટલ્લે ચઢાવાઈ રહી હતી. તાજેતરમાં આ સંદર્ભે આ રોડ નજીક આવેલા ૧૨ ગામો ચિલોડા, પાલજ, શાહપુર, લવારપુર, રતનપુર, પ્રાંતિયા, જેઠીપુરા, લિંબડીયા, ફિરોજપુર, વલાદ, નાના ચિલોડા અને જેઠાપુરાના અગ્રણી ગ્રામજનો અને સામાજિક કાર્યકરોની એક બેઠક યોજાઈ હતી. જેમાં જનઆંદોલન કરવાનો નિર્ણય લેવાયો હતો. આ નિર્ણય અંતર્ગત આજે લવારપુર પાસે આ ગામોના મોટી સંખ્યામાં ઉમટી પડેલા ગ્રામજનોએ સમગ્ર હાઈવે ચક્કાજામ કરી દીધો હતો અને 'રોડ બનાવો માણસ બચાવો'ના બેનરો સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. પોલીસે આ આંદોલન કર્તાઓને બળથી હટાવવાની કોશીષ કરતા ગ્રામજનોએ રસ્તા પર સૂઈ જઈને વિરોધ પ્રગટ કર્યો હતો.

પોલીસે કેટલાક અગ્રણી આંદોલનકારોની અટકાયત કરી તેમને વાનમાં બેસાડી દેતા આંદોલન વધુ ઉગ્ર બની જવા પામ્યુ હતુ. આ આંદોલનના પગલે ગાંધીનગરથી પ્રાંત અધિકારી સુધીર પટેલ, મામલતદાર ડી.જી. મોદી તથા એ.એસ.પી. કરજણસિંહ વાઘેલા ઘટનાસ્થળે ઘસી ગયા હતા અને ગ્રામજનો સાથે બેઠક યોજી આ માંગણી અંગે તા. ૧૯મી જાન્યુઆરી સુધીમાં જિલ્લા દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ પત્ર લખી યોગ્ય ઉકેલ લાવવાની ખાત્રી આપતા ગ્રામજનોએ આંદોલન સમેટી લેતા પોલીસે હાંશકારો અનુભવ્યો હતો. જો કે તા. ૧૯મી જાન્યુઆરી સુધીમાં યોગ્ય ઉકેલ નહી આવે તો વધુ ઉગ્ર આંદોલનની ગ્રામજનોએ ચિમકી ઉચ્ચારી હતી.

## વાઈબ્રન્ટ રૂટ પર ૯ એમ્બ્યુલન્સ સાથે ૧૦૮ની ટીમ ખડેપગે

### મહાત્મા મંદિર અને એક્ઝીબીશન સેન્ટર સહિત શહેરમાં ૭ એમ્બ્યુલન્સ ગોઠવાઈ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર-અમદાવાદ એરપોર્ટ રૂટ (વાઈબ્રન્ટ રૂટ) પર પોલીસ અને ફાયરબ્રિગેડની સાથોસાથ ૧૦૮ એમ્બ્યુલન્સ પણ સ્ટાફ સાથે ખડેપગે રાખવામાં આવશે. આમા રૂટ પર અલગ-અલગ સ્થળોએ મળીને ૯ એમ્બ્યુલન્સ તૈનાત રાખવામાં આવનાર છે. તે ઉપરાંત શહેરમાં ૭ એમ્બ્યુલન્સ વિવિધ સ્થળે રાખવામાં આવશે.

અમદાવાદ એરપોર્ટથી મહાત્મા મંદિર વાઈબ્રન્ટ રૂટ પર ૯ એમ્બ્યુલન્સ સાથે ૧૦૮ની ટીમ તૈનાત રહેશે જેમાં સરદારનગર, પીડીપીયુ પાસે કોબા સર્કલ, ઈન્ફોસીટી સર્કલ, બે એમ્બ્યુલન્સ ફાયર સ્ટેશન, બે મહાત્મા મંદિર અને બે હેલીપેડ ગ્રાઉન્ડ એક્ઝીબીશન સેન્ટર ખાતે તૈનાત રખાશે. તે ઉપરાંત જિલ્લાની ૧૬ એમ્બ્યુલન્સ પૈકી ૭ એમ્બ્યુલન્સ શહેરમાં વિવિધ સ્થળોએ મુકાશે જ્યારે અન્ય ૯ એમ્બ્યુલન્સ શહેર બહારના આસપાસના વિસ્તારોમાં રારખવામાં આવે છે.

## સી.ઈ.ઓ. કોન્કલેવમાં પંડીત જશરાજ ગૃપ સંગીતના સૂર રેલાવશે

ગાંધીનગર, તા.૬

વાઈબ્રન્ટ સમિટ અન્વયે પ્રથમવાર ગ્લોબલ સી.ઈ.ઓ. કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વની ૩૦૦ જેટલી શ્રેષ્ઠ કંપનીઓના સી.ઈ.ઓ. કોન્કલેવ દરમિયાન પરામર્શ કરશે. પી.ડી.પી.યુ. ખાતે તા. ૧૧ જાન્યુઆરીના રોજ સાંજે ૪-૦૦ કલાકે યોજાનારી આ કોન્કલેવમાં પંડીત જશરાજ ગૃપ દુર્ગા જશરાજ ભારતીય શાસ્ત્રીય સંગીત આધારિત અદભુત કાર્યક્રમ પણ રજૂ કરશે.

આગામી વાઈબ્રન્ટ સમિટ ધમાકેદાર ઐતિહાસિક બની રહેશે. વાઈબ્રન્ટ સમિટમાં પ્રથમવાર વિવિધ દેશના પ્રધાનમંત્રી સહીત વી.વી.આઈ.પી. મહાનુભાવો ઉપસ્થિત રહેવાના છે. જયારે સમિટ દરમિયાન પ્રથમવાર ગ્લોબલ સી.ઈ.ઓ. કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૧૧ જાન્યુઆરીના રોજ સાંજે ૪ કલાકે યોજાનારી આ કોન્કલેવમાં વિશ્વની ૩૦૦ જેટલી શ્રેષ્ઠ કંપનીઓના સી.ઈ.ઓ. ઉપસ્થિત રહેવાના છે. કોન્કલેવ દરમિયાન પંડીત જશરાજ ગ્રુપ દુર્ગા જશરાજ દ્વારા ભારતીય શાસ્ત્રીય સંગીત આધારિત અદભૂત કાર્યક્રમ રજૂ કરવામાં આવશે. પંડીત જશરાજને આર્ટ કલાઝિક મ્યુઝિક વોકલમાં વર્ષ ૨૦૦૦ દરમિયાન પદમવિભૂષણ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. આ ઉપરાંત તેમને સંગીત નાટક કલા અકાદમી, મહારાષ્ટ્ર ગોવા પુરસ્કાર તેમજ સંગીત કલા રત્ન એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે. તેમના ગૃપ દ્વારા અડધો કલાક ભવ્ય સંગીત રજૂ કરવામાં આવશે. ત્યારબાદ ૫.૩૦ કલાકે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સ્વાગત પ્રવચન આપશે. ત્યારબાદ કેન્દ્રીય નાણા મંત્રી અરૂણ જેટલી સંબોધન કરશે. જયારે ૫.૫૦ કલાકે ગ્લોબલ સી.ઈ.ઓ. કોન્કલેવ દરમિયાન વિવિધ અગ્રણી કંપનીના સી.ઈ.ઓ. વિચારોની આપ લે કરશે. ત્યારબાદ વર્લ્ડ બેંકના ચેરમેન અને યુ.એન.એ.ના સ્ટેટ સેક્રેટરી જોન કેરી સંબોધન કરશે. જયારે કોન્કલેવના અંતમાં સાંજે ૭ કલાકે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સૌને સંબોધન કરશે.

## 'ઘ' માર્ગ પર કોર્ટ કેમ્પસ સામે નવું બસ સ્ટેન્ડ બનશે

### વકીલો, અસીલો ઉપરાંત કર્મચારીઓને નવું બસ સ્ટોપ મળશે : લાંબા સમયની રજૂઆતનો અંત

ગાંધીનગર, તા.૬

શહેરના 'ઘ' માર્ગ પર નવું બસ સ્ટેન્ડ બનાવવામાં આવી રહ્યું છે. કોર્ટ કેમ્પસ સામે નવું બસ સ્ટેન્ડ બનતા કર્મચારીઓ તેમજ વકીલોની લાંબા સમયની માંગણી સંતોષાઈ છે.

એસ.ટી.ની સલામત સવારીને અસરકારક બનાવવા એક બાજુ પથિકાશ્રમ ડેપોને મોડેલ ડેપો બનાવવા તબક્કાવાર નીતનવા કામોનું આયોજન કરવામાં આવી રહ્યુ છે. એસ.ટી. તંત્ર દ્વારા ગાંધીનગર ડેપોમાં મોટા ભાગની નવી બસો ફાળવવામાં આવી છે. મુસાફરોને સમયસર અને આરામદાયક બસ સેવા ઉપલબ્ધ થાય તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

કર્મચારીનગર હોવાથી નગરમાં અમદાવાદથી ગાંધીનગર અપડાઉન કરનારા નોકરીયાતો અને વિદ્યાર્થીઓની સંખ્યા પણ વિશેષ છે. નગરના 'ઘ' માર્ગ પર સ્થિત કલેકટર કચેરી તેમજ કોર્ટ બિલ્ડીંગને અનુલક્ષી અગાઉ 'ઘ' માર્ગ પર કોર્ટ કેમ્પસ પાસે નવું બસ સ્ટેન્ડ બનાવવા રજૂઆત કરવામાં આવી હતી. જયારે લાંબા સમયના અંતો વકીલો તેમજ કર્મચારીઓની આ માંગણી સંતોષાઈ છે. વાહન વ્યવહાર વિભાગ દ્વારા કોર્ટ કેમ્પસ સામે નવું બસ સ્ટેન્ડ બનાવવાનું કામ શરુ કરી દેવાયું છે. આગામી દિવસોમાં આ બસ સ્ટોપનો ઉપયોગ પણ શરુ કરી દેવાશે. જેના પરિણામે વકીલો ઉપરાંત બહારગામથી આવતા અસીલો સહીત કર્મચારીઓને પણ રાહત થશે.



### ચિલોડામાં લાડુ બનાવી કૂતરાંઓને ખવડાવ્યા

મકર સંક્રાંતિએ મૂંગા જીવોનું પેટ ભરી તેમની આંતરડી ઠારવાનો મહિમા રહેલો છે. ચિલોડામાં ગ્રામજનોએ કૂતરાં માટે લાડુ બનાવી ખવડાવ્યા હતા. નાના ભૂલકાઓએ પણ ગલુડીયાને લાડુનો ચુરમો ખવડાવી આનંદ માણવા સાથે પ્રાણીઓ પ્રત્યે દયાભાવના સંસ્કાર શીખ્યા હતા. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## કેનાલ સિક્યુરીટી ગાર્ડે વધુ એક મહિલાની જીંદગી બચાવી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના લીંબડીયા નર્મદા કેનાલમાં ગઈ મોડી સાંજે અમદાવાદની મહિલાએ કોઈ કારણોસર છલાંગ લગાવી મુકી હતી. કેનાલ સિક્યુરીટી ગાર્ડનું ધ્યાન ડુબી રહેલી મહિલા પર જતાં તેણે જીવના જોખમે કેનાલમાં કુદી જઈને ડુબી રહેલી મહિલાને મોતના મ્હોં માંથી બહાર કાઢી બચાવી લીધી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેણીને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી છે.

ગાંધીનગરના છેવાડા કહી શકાય તેવા વિસ્તારમાં સ્થિત લીંબડીયા ખાતે નર્મદા કેનાલમાં આપઘાત તથા આપઘાતના પ્રયાસના સંખ્યાબંધ કિસ્સાઓ બને છે. આ સ્થળે નજીવા પગારદરે માત્ર સેવા તથા જીંદગીઓ બચાવવાના આશયથી નોકરી કરનાર કેનાલ સિક્યુરીટી ગાર્ડની કામગીરી ખરેખર બિરદાવવા લાયક છે. અત્યાર સુધી કેટલાય લોકો કે જેણે જીંદગીથી કંટાળીને કેનાલમાં પડતુ મુક્યુ અને તેમને પોતાના જીવના જોખમે કેનાલમાંથી ડુબતા બચાવ્યાના દાખલા છે. સિક્યુરીટી ગાર્ડ પ્રવિણ ઠાકોરે ગઈકાલે સાંજે વધુ એક ડુબતી મહિલાનો જીવ બચાવ્યો છે.



ગાંધીનગરના યુવાઓ દ્વારા શહેરના સેક્ટરોમાં અલગ-અલગ જગ્યાએ વસતા શ્રમજીવીઓને વ્યસનમુક્તિ વિશે સમજણ આપવાનું ભગીરથ કાર્ય 'યુથ વેવ' સંસ્થાના માધ્યમથી તારીખ ૧૨ જાન્યુઆરી-૨૦૧૫ સુધી કરશે. સોમવારે સેક્ટર-૨૪ ખાતે શ્રમજીવીઓને વ્યસનોથી શરીરને, પરિવારને નુકસાન થાય છે. તે સમજાવવા પોસ્ટર્સ બતાવવામાં આવ્યા હતા. આગામી દિવસોમાં સેક્ટર-૬, ૭, ૩, ૪ વિગેરે સ્થળોએ આ અભિયાન ચલાવવામાં આવશે. (તસવીર : કશ્યપ નિમાવત)

## નગર નવોઢા પણ રેલવે સ્ટેશન જાણે નધણિયાતુ

### ગાંધીનગરના કેપીટલ રેલવે સ્ટેશનની દયનીય હાલત : વાઈબ્રન્ટના પગલે શહેર સજાવાયુ પણ રેલવે સ્ટેશન યથાવત

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટના પગલે શહેર નવા સાજ શણગાર સજી રહ્યું છે, દરેક માર્ગ, ઈમારત અને બગીચા તમામનું નવીનીકરણ થઈ રહ્યું છે, પરંતુ આ સમિટ જયાં યોજાવાની છે તે મહાત્મા મંદિરને અડીને આવેલ કેપીટલ રેલવે સ્ટેશનની હાલત હજુ પણ જેમની તેમ છે. અહીં સ્ટેશને પહોંચવા માટેનો માર્ગની હાલત એવી છે કે પગમાં કાંકરા વાગે છે અને કોઈ પણ મુસાફર તેમના ભારે સામાનને ગરગડી વાળી બેગમાં લાવવા છતાં ચલાવીને લઈ જઈ શકતો નથી બલકે ફરજિયાત સામાન ઉંચકીને જ પ્લેટફોર્મ પર જવુ પડે છે.

રાજ્યના પાટનગરનું રેલવે સ્ટેશન હોવા છતાં હંમેશા સરકારી તંત્ર માટે જાણે અળખામણુ જ બની રહ્યું છે. હાલ કેન્દ્રમાં ગુજરાતી વડાપ્રધાન જેઓ ગાંધીનગરમાં ૧૨ વરસ સુધી રાજ્યના મુખ્યમંત્રી પદે આરૂઢ રહી ચુક્યા છે તેવા નરેન્દ્ર મોદી હોવા છતાં રેલવે ખાતા તરફથી કેપીટલ રેલવે સ્ટેશનને હજુ પણ અન્યાય થઈ રહ્યો છે. આ વાઈબ્રન્ટ સમિટમાં રેલવે માર્ગે આવનાર મહેમાનો સ્ટેશનની આ હાલત જોઈ કેવી છાપ લઈને જશે તે અંગે વિચારીને પણ તેને સુધારવાની જરૂર છે. પાટનગરના રેલવે સ્ટેશનને સુંદર ઓપ આપી સજાવવા ગાંધીનગરના પ્રજાજનો વતી હરિકૃપા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અપીલ કરાઈ છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૪
સૂર્યાસ્ત : ૬.૦૮

### તાપમાન

મહત્તમ : ૨૯.૪ ડિ.સે.
લઘુત્તમ : ૮.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૮૩ ટકા ● સાંજે ૩૨ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન-૨ :
લિંગા : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
સ્ક્રીન-૩ :
પી.કે. : ૧૨.૦૦, ૬.૦૦
લિંગા : ૩.૦૦, ૯.૦૦

**સીટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
પી.કે. : ૧૨.૦૦, ૫.૦૦, ૮.૦૦
: સ્ક્રીન-૩ :
પી.કે. : ૧૧.૧૫
નાઈટ એટ ધ મ્યુઝિયમ (ઈંગ્લીશ) : ૨.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૮.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
પી.કે. : ૧૦.૦૦
અગલી : ૧.૦૦, ૧૦.૦૦
લિંગા (હિંદી) : ૩.૪૫
મુકુન્દા (તેલુગુ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
અગલી : ૪.૦૦
લિંગા (હિંદી) : ૬.૩૦
પી.કે. : ૯.૩૦

**સિનેમેક્સ**

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦
: સ્ક્રીન-૨ :
પી.કે. : ૧૧.૨૦, ૨.૪૦, ૬.૦૦, ૯.૨૦
સ્ક્રીન-૩ :
પી.કે. : ૯.૫૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૩૦, ૧૦.૪૫
સ્ક્રીન-૪ :
પી.કે. : ૧૦.૪૦, ૨.૦૦, ૫.૨૦, ૮.૪૦

### આપની આજ

**મેષ** : કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સફળ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**વૃષભ** : નવા પ્રસ્તાવ પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સુખમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા પ્રવાસ થશે.

**મિથુન** : આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. ઋણ સંબંધી કાર્યોમાં સંય રાખવું. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરવું. કૌટુંબિક ઉન્નતિ થશે.

**કર્ક** : મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે. નવા આર્થિક સ્ત્રોત પર કાર્ય થશે. વિવાદિત નિર્ણય પક્ષમાં આવી શકે છે.

**સિંહ** : નવી યોજનાઓ બનશે જેનો લાભ ભવિષ્યમાં પ્રાપ્ત થઈ શકે છે. આર્થિકક્ષેત્રે વિશેષ યાત્રાઓ થશે. ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો નવા કાર્યોથી દૂર રહો. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પાપ્તિનો યોગ.

**કન્યા** : સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિના કાર્ય થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે.

**તુલા** : સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. ઋતુ અનુસાર ખાનપાન કરવું. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ બની રહ્યો છે. ધર્મ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે. શુભ માંગલિક કાર્યનો યોગ બનશે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ થશે.

**ધન** : ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. પ્રેમ સંબંધમાં સફળતા મળવાનો યોગ છે. વ્યસ્તતામાં વધારો થશે. નવીન કાર્ય કરવાની તક પણ વધશે.

**મકર** : આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો. શિક્ષા, સંતાન, પ્રતિસ્પર્ધાત્મક પરીક્ષા સંબંધી ભાગ્યવર્ધક યોગ બની રહ્યા છે.

**કુંભ** : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારા પ્રયાસોની લોક પ્રશંસા કરશે. સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે.

**મીન** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક રહેશે. વિચારો સકારાત્મકા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિ વધશે.